ડાયરેક્ટ સે

સમય
એક એવી ગાડી છે
જેમાં બ્રેક નથી
અને
રિવર્સ ગિયર પણ નહીં

મનોરંજન

સિટી પ્લસ

સ્ક્રીન - ૧
સોનુ કે ટીટુ કી સ્વીટી
રાત્રે ૧૦.૦૦

સ્ક્રીન - ૨
સોનુ કે ટીટુ કી સ્વીટી
૧૨.૪૫, ૩.૪૫
ગુજ્જુ ભાઈ મોસ્ટ વોન્ટેડ
(ગુજરાતી)
૬.૩૦, ૯.૩૦

સ્ક્રીન - ૩
વેલકમ ટૂ ન્યુયોર્ક (ડી)
૧૨.૩૦, ૨.૪૫, ૭.૪૫
બ્લેક પેન્થર
(ડી હિન્દી)
૫.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન - ૪
પેડમેન
૧.૦૦
અઈયારી
૪.૦૦
ચાલ મન જીતવા જઈએ
(ગુજરાતી)
૭.૦૦
લવની ભવાઈ (ગુજરાતી)
૯.૩૦

સ્ક્રીન-૫
ગુજ્જુ ભાઈ મોસ્ટ વોન્ટેડ
(ગુજરાતી)
૧૨.૩૦, ૩.૩૦
સોનુ કે ટીટુ કી સ્વીટી
૬.૪૫
વેલકમ ટૂ ન્યુયોર્ક
૧૦.૦૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

જિલ્લાકક્ષા સ્પોર્ટ્સ સંકુલમાં પ્રૂવન ટેલેન્ટ ખેલાડી તરીકે

શ્રી જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની પસંદગી

વિશાલ કનુભાઈ પટેલ અને મીત પ્રફુલભાઈ પટેલની કબડ્ડી માટે સ્પોર્ટ્સ સ્કૂલમાં પસંદગી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાના ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થી વિશાલ કનુભાઈ પટેલ અને મીત પ્રફુલભાઈ પટેલની વિશેષ અભ્યાસ અને કબડ્ડીની તાલીમ માટે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા શરૂ કરવામાં આવેલી સ્પોર્ટ્સ સ્કૂલમાં પસંદગી કરવામાં આવી છે. જે અંતર્ગત વિદ્યાર્થીના ધોરણ-૯થી ૧૨ સુધીના અભ્યાસની, રહેવા-જમવાની તથા સ્પોર્ટ્સ તાલીમની તમામ સુવિધા સરકાર દ્વારા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે.

શાળાનાં આચાર્ય નીવાબેન પટેલ તથા શાળા પરિવારે બંને વિદ્યાર્થીઓ રમતગમત ક્ષેત્રે અને અભ્યાસમાં સફળતા મેળવી સિદ્ધિ પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા છે.

એસ. જી. - એસ. વી. પ્રાથમિક શાળામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન અને વાલી મીટિંગ

કડી કેમ્પસ સેક્ટર-૨ ૩માં આવેલ એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં તા-૨૪-૨-૨૦૧૮ના રોજ શાળામાં આવેલ મલ્ટી પર્પઝ હોલમાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન તેમજ વાલી મિટીંગનું આયોજન થયું.ધોરણ-૧ થી ૮ના વર્ગમાં વાલીઓને યુનિટ ટેસ્ટના પેપર બતાવવામાં આવ્યા તેમજ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન થયું. ધોરણ-૧ થી ૮ના વિધ્યાર્થીઓ દ્વારા તૈયાર કરેલ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમા ૯૬ અલગ અલગ વિષય પર પ્રોજેકટ રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રદર્શનમાં મોબાઈલથી ચાલતી કાર,થર્મલ પાવર પ્લાન્ટ.હાઈડ્રોલિક લિફ્ટ , ડીઝીટલ ડસ્ટમીન, એ. ટી. એમ. મશીન, ડ્રીપ ઈરિગેશન,હાઈટેન ડીસ્ટન્સ, વેક્યૂમ ક્લીનર કોચ, ડીફેન્ટ ટાઈપ્સ ઓફ હાઉસીસ, ડીઝીટલ ડસ્ટમીન, લોકર જેવા અનેક પ્રોજેકટો બનાવ્યા હતા.શાળાના વાલીગણે બાળકોની આ વિશિષ્ટ સિદ્ધિને બિરદાવી હતી. આ પ્રદર્શનમા વાલીઓનો સારો પ્રતિભાવ રહ્યો હતો. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ સાહેબ આ પ્રદર્શનમાં હાજર રહીને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.આ પ્રદર્શનના નિર્ણાયક તરીકે કડી સર્વ વિધ્યાલયના ઈનોવેશન કેટલિસ્ટ ઉત્કર્ષ જી. પટેલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે યોગ્ય નિર્ણય આપીને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. શાળા પરિવાર તેમજ વિદ્યાર્થીઓના સહયોગથી આ કાર્યક્રમ સફળ થયો હતો.

સી.એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજના ખેલાડીઓએ

યુનિ. ખેલકૂદ રમતોત્સવમાં ઊંચીકૂદ અને ચક્રફેકમાં ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યા

ગાંધીનગર, તા. ૨૬

કડીની સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજના ખેલાડીઓએ યુનિવર્સિટી ખેલકૂદ રમતોત્સવમાં ઊંચીકૂદ અને ચક્રફેકમાં ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યા હતા તેમજ આંતર યુનિવર્સિટી કક્ષાએ યોગાસન અને બોલબેડમીંટનમાં ભાગ લીધો હતો.

શ્રી એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી કડી, સંચાલિત સી. એન. આર્ટસ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ કડીના વિદ્યાર્થી ખેલાડીઓએ પાટણ મુકામે રમાયેલ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખેલકૂદ રમતોત્સવમાં ઠાકોર જીતેન્દ્રજી આત્મારામજી (અઢાના ગામના) એ ઉંચીકૂદમાં પ્રથમ આવી ગોલ્ડમેડલ અને ઠાકોર રાહુલજી બળદેવજી (સુરજ ગામના) એ ચક્રફેકમાં પ્રથમ આવી ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યો. તે બદલ કોલેજ પરિવાર ગૌરવ અનુભવે છે.

કોલેજના પ્રિન્સીપાલ ડૉ. જી.ડી. ત્રિપાઠી, વાઈસ પ્રિન્સીપાલ પ્રા. આઈ. બી. પટેલ, શારીરિક શિક્ષણ અધ્યાપક પ્રા. ડૉ. પ્રવીણભાઈ ચૌધરી તેમજ મંડળના ટ્રસ્ટી પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવી વધુ સફળતા મેળવવા માટે શુભેચ્છાઓ પાઠવી. પ્રિન્સીપાલ ડૉ. જી.ડી. ત્રિપાઠી એ દર વર્ષની જેમ આં વર્ષે પણ યુનિવર્સિટી અને આંતર યુનિવર્સિટી કક્ષાએ ભાગ લેનાર અને શ્રેષ્ઠતા પ્રદાન કરનાર ખેલાડીઓને કોલેજ દ્વારા ટ્રેકશૂટ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. જેમાં યોગાસન અને એથ્લેટીક માટે ઠાકોર જીતેન્દ્રજી, બોલબેડમીંટન માં સુથાર અમિત (બામરોલી ગામના) અને એથ્લેટિક – ચક્રફેકમાં ગોલ્ડમેડલ મેળવનાર ઠાકોર રાહુલજીને વાર્ષિકોત્સવ સન્માનિત કરવામાં આવશે.

અમદાવાદના જન્મદિન નિમિત્તે 'વેલકમ ટુ અમદાવાદ' ફિલ્મ દર્શાવાઈ

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલય દ્વારા અમદાવાદના સ્થાપના દિન નિમિત્તે શ્રી પ્રણવાનંદ વિદ્યામંદિર શાળાના વિદ્યાર્થીઓને 'વેલકમ ટુ અમદાવાદ' ફિલ્મ દર્શાવવામાં આવી હતી. ગ્રંથાલય મંત્રી પરિક્ષિત જોષીએ અમદાવાદ અને આફિલ્મ વિશે ભૂમિકા બાંધ્યા પછી ફિલ્મ પહેલાં તથા ફિલ્મ પછી વિદ્યાર્થીઓને અમદાવાદ વિશે કેટલાક પ્રશ્નો પૂછ્યા હતા. સાચા ઉત્તરો આપનારા હિતેશ બારોટ, સુનિલ સોલંકી અને આશકા સોલંકી તથા ફિલ્મ જોયા પછી એ વિશે પ્રતિભાવ આપનારા આનંદી પટેલ અને મેહુલ પરમારને પુસ્તક ભેટ આપવામાં આવ્યાં હતાં. શિક્ષક ગિરીશભાઈ શાહે આ કાર્યક્રમમાં શાળાને સામેલ કરવા બદલ પરિષદ પ્રતિ આભાર વ્યક્ત કર્યો હતો. શાળાના ૬૦ વિદ્યાર્થીઓ સાથે શિક્ષક દિલીપભાઈ પટેલ, અમીતભાઈ મંડલી, ભૂમિકાબેન પંચાલ અને નિકિતાબેન સૂરવાડે પણ જોડાયાં હતાં. ગંગારામ વાઘેલાએ આભાર વિધિ કરી હતી. દિપ્તીબેન શાહે વિદ્યાર્થીઓને ગ્રંથાલયની મુલાકાત અને પરિચય કરાવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા ચંદ્રકાન્ત ભાવસાર અને સ્નેહલ ચૌધરીએ જહેમત ઊઠાવી હતી.

જગદીશ ગોર 'શરમાળ'ના કાવ્યસંગ્રહ 'પ્રસંગનો મિજાજ'નું વિમોચન કરાયું

ગાંધીનગર, તા. ૨૬

શ્રી કચ્છ મિત્ર મંડળ, ગાંધીનગરના ઉપક્રમે મૂળ કચ્છના અને હાલ ગાંધીનગર સ્થિત કવિ જગદીશ ગોર 'શરમાળ'ના ગુજરાતી કાવ્યસંગ્રહ 'પ્રસંગ પર્વનો મિજાજ'ના વિમોચનનો કાર્યક્રમ શનિવારે બ્રહ્માણી કૃપા હૉલ, સર્વ વિદ્યાલય પરિસર, સેક્ટર-૨૩ ખાતે યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમના અધ્યક્ષપદે 'કલાગુર્જરી', ગાંધીનગરના પ્રમુખ ઍન પી પટેલ, મુખ્ય મહેમાન તરીકે કચ્છ મિત્ર દૈનિક, ભૂજના તંત્રી દીપકભાઈ માંકડ અને કચ્છના જાણીતા લેખક ગૌતમ જોષી, અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા, ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ નટવર હેડાઉ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા કવિ મદનકુમાર અંજારિયા 'ખ્વાબ' દ્વારા રસસભર રીતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી કચ્છ મિત્ર મંડળના પ્રમુખ એમ કે રંગાણી અને મંચસ્થ મહાનુભાવો દ્વારા પુસ્તકનું વિમોચન અને પ્રાસંગક પ્રવચનો કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે લોકસાહિત્યકાર દોલત ભટ્ટ, કવિ રવિ પેથાણી 'તિમિર' અને ઝીલુભા ધાંધલ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના મંત્રી નીલેન્દુભાઈ વોરા, દીપક તન્નાએ ખૂબ જહેમત ઊઠાવી હતી. કાર્યક્રમના અંતે મહિલા સંગઠન મંત્રી વર્ષાબેન મહેતાએ આભારવિધિ કરી હતી. આ પ્રસંગે કવિના પરિવારજનો તેમજ સાહિત્યરસિક નાગરિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

બાળકનો તમારામાં રસ સમાપ્ત થાય એ પહેલાં જાગી જજો

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ડિસેમ્બર તારીખ ૧૧, ૨૦૦૭ના રોજની આ સત્ય ઘટના છે. ગુરૂગ્રામની એક ઈન્ટરનેશનલ સ્કૂલમા અભિષેક ત્યાગી નામનો એક વિદ્યાર્થી આંઠમા ધોરણમાં ભણે. એના સહપાઠી સાથે એની બોલા ચાલી થઈ ગઈ. બસ આટલી વાતમાં આ મિત્રએ અભિષેકની છાતીમાં ધાંય... ધાંય... કરતી ગોળીઓ ધરબી દીધી. અભિષેકનું પ્રાણ પંખેરૂ તત્કાળ ઉડી ગયું. આવી જ એક બીજી ઘટના ચેન્નઈની સેંટ ઍંગ્લો ઈન્ડિયન હાયર સેકંડરી સ્કૂલમાં ફેબ્રુઆરી તારીખ ૯, ૨૦૦૧ના રોજ ઘટી. ધોરણ નવમાં ભણતા એક વિદ્યાર્થીને શિક્ષિકાએ ભણવાની બાબતમાં ઠપકો આપ્યો તો આ ૧૪ વર્ષના વિદ્યાર્થીએ ટીચર ઉપર ચાકુના ઘા મારી તેને મોતને ઘાટ ઉતારી દીધી. દિલ્હીની એક સ્કૂલમાં સાતમામાં ભણતો એક વિદ્યાર્થીએ એના સહપાઠીને રોજ ચિઢવતો હતો. એણે ઑક્ટોબર તારીખ ૧૬, ૨૦૧૭ના રોજ ચિઢવણી કરતા આ સહપાઠીને દિવાલ સાથે જોરથી ધક્કો મારી લોહી લુહાણ કરી મારી નાખ્યો. હજી હમણાની આ વર્ષના આગાઝમા જ બનેલી વાત છે. જાન્યુઆરી તારીખ ૧, ૨૦૧૮ના રોજ ઉત્તર પૂર્વીય દિલ્હીની કરવાલનગરના સાદતપુરમા આવેલી જીવન જ્યોતી પબ્લિક સ્કૂલમા નવમા ધોરણમાં ભણતા તુષારની લાશ શાળાના ટોયલેટમાંથી મળી. એના ત્રણ ક્લાસમેટ્સે એને નજીવી વાતમાં માર માર્યો હતો.

અહીં મૂકેલી આ ચાર ઘટનાઓ તો માત્ર પ્રતિકરૂપે છે. રોજ રોજ આવી તો સેંકડો ઘટનાઓની ખબરોથી અખબારનાં પાનાં ભરેલા પડ્યા હોય છે. ટીવી ઍંકરો ગળુ ફાડીને આવી ઘટનાઓ વર્ણવે જાય છે. ભારતીય ઉપમહાદ્વીપ માટે આવી ઘટનાઓ વૉનિંગ એલારામ જેવી છે. પાશ્ચાત્ય દેશોની ભૂમિ ઉપર આ પ્રકારની વાત કદાચ એ દેશોની જીવન પધ્ધતીનું પરિણામ કહી શકાય. પરંતુ ભારતવર્ષમાં આવી અસહિષ્ણુતા અવશ્ય ચિંતાજનક છે અને ચિંતન કરવા પ્રેરે છે. ભારત એટલે આદર, માન, સત્કાર અને નસ્કારની સહિષ્ણુતામાં બરકરાર રહેતો પ્રદેશ. અહીં આવી ઘટનાઓ વિદેશના આંધળા અનુકરણની દેન ઉપરાંત પણ કેટલીક બદલાઇ રહેલી માનસિકતા વિષે વિચારવા પ્રેરે છે.

શાળાઓમાં બેધડક ધનાધન ફાયરીંગ, કન્યાઓની છેડતી, નાબાલિક કિશોરીઓનું ગર્ભવતી બનવું, શાળાઓમાં બાળાત્કાર, ચાકુ-તલવાર જેવા ઘાતક હથિયારો સાથે શાળામાં જવું જેવી બાબત અમેરિકા, કેનેડા કે યુરોપના દેશોમાં અવારનવાર જોવા મળે છે. પણ સવાલ મોટો એ છે કે, બાળકોમાં આ પ્રકારની ભયંકર માનસિકતા ભારતમાં પણ છાને ખુણેથી પ્રવેશી ગઈ છે. જ્યારે આવી ઘટના નજર સામે આવે ત્યારે મનમાં સહજ વિચાર આવે કે, આની માટે બાળક કેટલા અંશે જવાબદાર ?

અપરાધીકરણના ખપ્પરમાં બહુ ઝડપથી હોમાતા ભારતના બાળપણ માટે કોઇ એક પરિબળ જવાબદાર નથી. આ પરિસ્થિતિ પાછળ અનેક કારણો છે. દેશની અલગ અલગ પ્રાંતની શાળાઓમાં વિદ્યાર્થીઓની અસહિષ્ણુતાના કિસ્સાઓ જોઈને એમ લાગે કે ભારતના ભવિષ્ય સમું યૌવન કઈ દિશામાં જઈ રહ્યું છે ? નાગ દંશ મારે અને જીવનું જોખમ ઊભું કરે એ પહેલાં એ ફેણ ઊઠાવે કે તરત એને દબોચી લેવામાં જ ભલાઈ છે. આપણા દેશમાં હજુ પશ્ચિમના દેશો જેટલી ભયાનક પરિસ્થિતિ નથી, બાળકોમાં ફેલાતો જતો અસહિષ્ણુતાનો આ નાગ ફેણ ઉઠાવવા જઈ રહ્યો છે એને આજે જ દબોચી લેવો પડશે.

આજનો યુગ ઈન્ફર્મેશન બ્લાસ્ટનો યુગ છે. ટીવી, અખબાર, ઈન્ટરનેટ, સોશીયલ મીડિયા વગેરે માહિતી માટે ખૂબ આવશ્યક છે. પણ એના વિવેકપૂર્ણ ઉપયોગની આવશ્યકતા છે. આ માધ્યમો ઉપર પિરસાતી તમામ સામગ્રી કુમળી વયમાં યોગ્ય મૂલ્યાંકન માટે અસમર્થ હોય એ સમજી શકાય એવી વાત છે. સ્વભાવિક રીતે જ બાળક ટીવી, ફિલ્મો, ઈન્ટરનેટ, સોશિયલ મીડિયા ઉપર આવતી સામગ્રીઓથી જબરજસ્ત પ્રભાવિત થતું હોય છે. માતા-પિતા પાસે બાળકો માટે સમય ન હોઈ બાળકોના કુમળા ટેરવાઓને એન્ડ્રોઇડ અને ટીવી રીમોટના નંબરો લાગણીવિહિન બુઢ્ઢા અને બરડ બનાવી દે છે. અધુરામાં પૂરું ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડરો બિઝનેસની કટથ્રોટ કોમ્પિટિશનમાં પોતાના વ્યવસાયને વધુ આગળ વધારવાની લ્હાયમાં ખૂબ નજીવા દરે ઈન્ટરનેટ ડેટા પેક સર્વિસ પૂરી પાડવા લાગ્યા છે. આજનું બાળક ઈન્ટરનેટથી જેટલું ઝડપથી જોડાઈ જાય છે એટલું જ ઝડપથી ફેમિલિનેટથી વિખૂટું પડતું જાય છે.

સંયુક્ત કુટુંબની પરિભાષા હવે વિસરાતી જાય છે. કાકા-બાપા, મામા-માસીના પરિવારો એકસાથે મોજથી રહેવાની વાત હવે ફેન્ટસી જેવી લાગવા માંડી છે. છ-બાર મહિના સુધી ભાણેજ મામા એક બીજાને ફેસ ટુ ફેસ મળતા પણ નથી. સાથે રહેવામાં અને વડીલોને માન આપવાની વાત ઝંઝાળ જેવી લાગવા માંડી છે. પત્ની અને બાળક સાથે અલગ રહી આઝાદ જીંદગી જીવવાનો ટ્રેન્ડ થઇ ગયો છે. પરિણામે મમ્મી-ડેડી રૂપિયા રળવા વહેલી સવારથી ઘરની બહાર નીકળી પડે અને મોડી સાંજે પાછા આવે. અને આખો દિવસ બાળક આયાના સહારે ટીવી અને ઈન્ટરનેટના હવાલે... મા-બાપની લાગણી અને પ્રેમની હૂંફ મહેસૂસ કર્યા વગર બાળકના માનસપટ ઉપર ટીવી અને ઈન્ટરનેટ ઉપર આવતી અઢળક બિનજરૂરી માહિતી અડ્ડો જમાવી દે છે. એક તબક્કો એવો આવે છે કે બાળક હિંસક બની અણછાજતી હરકતો કરવા પ્રેરાય છે.

આ સમસ્યાનો સીધો અને સચોટ ઉપાય દરેક મા-બાપ પાસે હોય જ છે. એવું પણ નથી કે મા-બાપ સમજતા નથી, પણ સવાલ માત્ર એટલો જ છે કે મા-બાપને જ્યારે સમજ પડવી જોઈએ ત્યારે એ સમજાતું નથી. અને જ્યારે સમજ પડે છે ત્યારે ઘણું મોડુ થઈ ગયું હોય છે. માતા પિતાએ રોજ આખા દિવસમાં અડધો કલાક કે કલાક બાળક પાસે બેસી એને સાંભળવું જોઈએ. એની દિનચર્યામાં રસ લેવો જોઈએ. જ્યારે બાળક નાનું હોય ત્યારે શાળામાં, રમતના મેદાનમાં, રસ્તા ઉપર, ભાઈબંધો સાથે થયેલી મસ્તી વગેરે નાની-નાની વાતો પણ મા-બાપને કહેતું હોય છે. જમતી વેળા ડાઈનિંગ ટેબલ ઉપર કે સાંજે સમાચાર જોતી વખતે કે પછી સુતી વખતે બેડ ઉપર પણ એની બોબડી ચાલુ જ હોય છે. પણ ત્યારે માતા પિતા પાસે એની વાત સિન્સ્યરલી રસપૂર્વક સાંભળવાનો સમય નથી કે પછી એની વાત ઉપર ધ્યાન આપવાની ઈચ્છા નથી થતી. આ જ બાળક જેમ જેમ મોટું થતું જાય એમ એની બોલતી બંધ થતી જાય છે. જ્યારે માતા પિતાની યુવાની ઢળતી જાય અને બાળક તરૂણ અવસ્થામાં પહોંચે એ સમયે બાળકની વાતો સાંભળવા મા બાપ આતુર હોય છે ત્યારે બાળકનો રસ મા બાપમાં સમાપ્ત થઈ ગયો હોય છે. એણે એના જીવનમા બીજા ક્ષેત્રોને પ્રવેશ આપી દીધો હોય છે. માતા પિતાના બદલે બહારના પાત્રોએ બાળકના મનમા અને હૃદયમા સ્થાન જમાવી નાખ્યું હોય છે.

આપણી શિક્ષણ પ્રથા પણ આ જવાબદારીમાંથી છટકી શકે એમ નથી. શિક્ષકોએ પણ બાળકને ન આવડતી બાબત માટે એને જાહેરમા ઉતારી પાડવાની જગાએ એના મનમા વિશ્વાસ જગાવવો પડે કે, આ ઉમરમા ભલભલાની આવી ભુલો થતી હોય છે. તું પહેલો એવો વ્યક્તી નથી કે જેની આ ભુલ થઈ છે. આવા વિશ્વાસથી બાળકમાં આગળ આવવાની શક્તિનો સંચાર થતો હોય છે અને નકારાત્મક વલણ એના મનમા કબજો જમાવતુ નથી.

બાળકને ટીવી, ઈન્ટરનેટ કે સોશીયલ મિડીયા ફોર્સફુલી બંધ કરાવવા કરતાં ટીવી, ઈન્ટરનેટથી વધુ રસ પરિવારમાં પડે એવુ વાતાવરણ નિર્માણ કરવું પડે. જ્યારે પણ બાળક નિષ્ફળ જાય ત્યારે તેને ટોકી કે ઠોકીને રસ્તો ક્યારેય ન બતાવાય. લેનીન, કેનેડી, આઈનસ્ટાઈન જેવા સફળ થયેલા લોકોની પ્રારંભિક નિષ્ફળતાઓના કિસ્સા વર્ણવી એમની સફળતાની કહાની કહીને બાળકના આગળ આવવાનો માર્ગ પ્રશસ્ત કરવો પડે. ટીવી, ઈન્ટરનેટ, સોશીયલ મિડીયાના ઝડપી યુગમાં જરા સંભાળપૂર્વક આજની પેઢીનો ઉછેર કરવો પડશે. આજથી જ પ્રયાસો કરવા પડશે. કાલે કદાચ બહુ મોડુ થઈ જશે. મારુ બાળક વેસ્ટર્ન કલ્ચરથી સિવિલાઈઝ્ડ લાગે છે એનુ આજે ગૌરવ લેવા જતા કાલે ભારતીય સંસ્કારોના સાગરથી વિમુખ થવાની મોટી કિંમત ચૂકવવાની તૈયારી રાખવી પડશે. હજુ કશુ મોડુ થયું નથી જાગ્યા ત્યારથી સવાર. નવા યુગના માહિતીપ્રદ વૈજ્ઞાનિક ઉપકરણોનો સત્કાર અને એના વિવેકપૂર્ણ ઉપયોગનો સ્વીકાર જરૂર પણ આદરપૂર્વક સન્માન અને સલામ તો આપણા ભારત વર્ષના સંસ્કાર અને સાંકૃતિક વિરાસતને જ હોય.

ધબકાર

તમારા પરિવાર સાથે પ્રતિપળ ઉત્સવ ઉજવો, તહેવારોની રાહ શા માટે જોવાની ?